# ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC)

➢ **ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) શું છે?**

- કોઈ વ્યક્તિની ઓળખને સાબિત કરવા, માહિતિ મેળવવા અથવા ઇન્ટરનેટ પરની સેવાઓ અથવા ચોક્કસ દસ્તાવેજોને ડિજીટલી સહી કરવા માટે DSC ઇલેક્ટ્રોનિક રૂપે પ્રસ્તુત કરી શકાય છે.

➢ **ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) ના પ્રકાર**

- DSC ના કુલ બે(૨) પ્રકાર છે **૧) ક્લાસ-૨:** અને **૨) ક્લાસ-૩**
- ગુજરાત સરકાર દ્વારા ગૌણ ખનિજની Quarry Lease (ક્વોરી લીઝ) ની મંજૂરી માટે હાથ ધરવામાં આવતી **ઈ-હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા બિડર્સને ક્લાસ-૩ પ્રકારની DSC મેળવવાની જરૂર છે.**

➢ **ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) કોણ ઇસ્યુ કરી શકે છે?**

- ઇંડિયન ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ, ૨૦૦૦ હેઠળ સર્ટિફાઇંગ ઓથોરિટીસ્ (CA) ને DSC ઇસ્યુ કરવાનુ લાઇસન્સ આપવામાં આવ્યુ છે. નેશનલ ઇન્ફોર્મેટિક સેન્ટર, IDBRT, સેફ્સ્ક્રિપ્ટ સર્ટિફાઇંગ ઓથોરિટી સર્વિસ, સીફી કમ્યુનિકેશન લી., (એન) કોડ [(n) code] સોલ્યુશન, ઇ-મુદ્રા, TCS, CDAC, NDSL, અને કેપ્રિકોર્ન પૈકી કોઇ પણ સર્ટિફાઇંગ ઓથોરિટી (CA) ક્લાસ-૩ પ્રકારની DSC ઇસ્યુ કરી શકે છે.

➢ **ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) કેટલા સમયની મુદ્દત માટે મેળવી શકાય છે?**

- અરજદારે તેઓની જરૂરિયાત મુજબ એક, બે કે ત્રણ વર્ષના સમયની મુદ્દત માટે DSC મેળવી શકાય છે.

➢ **ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ**

| **વ્યક્તિગત માટે** | **સંસ્થા/કંપની માટે** |
|---|---|
| એપ્લિકેશન ફોર્મ (યોગ્ય રીતે ભરેલુ) | એપ્લિકેશન ફોર્મ (યોગ્ય રીતે ભરેલુ) |
| ઓળખના પુરાવા (ID proof) | સંસ્થા/કંપનીનો અધિકૃતતા પત્ર |
| રહેણાંકના પુરાવા | ઓળખના પુરાવા (ID proof) |
| અધિકૃત પ્રમાણિત નકલો | સંસ્થા/કંપનીના પુરાવા |
| ફોટો | અધિકૃત પ્રમાણિત નકલો |
| - | અધિકૃત હસ્તાક્ષરકર્તાના પુરાવા |
| - | અધિકૃત કરેલ વ્યક્તિનો ફોટો |

- **ઓળખ અને રહેણાંકના પુરાવા માટે નીચે પૈકીના (કોઇ પણ એક) ડોક્યુમેન્ટસ માન્ય ગણાશે.**

| **ઓળખના પુરાવા (કોઇ પણ એક)** | **રહેણાંકના પુરવા (કોઇ પણ એક)** |
|---|---|
| આધાર કાર્ડ | આધાર કાર્ડ |
| પાસપોર્ટ | ચુંટણી કાર્ડ |
| પાન કાર્ડ | ડ્રાઇવિંગ લાઇસન્સ |
| ડ્રાઇવિંગ લાઇસન્સ | બેંક દ્વારા અધિકૃત કરેલ બેક સ્ટેટમેન્ટ/ વિજળી બીલ/ પાણીનુ બીલ (વધુમાં વધુ ત્રણ માસ જુનુ) |
| બેંક દ્વારા અધિકૃત કરેલ ખાતેદારના ફોટો અને સહી વાળી પાસબુકની નકલ | જી.એસ.ટી (GST) રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ |
| કેન્દ્રા/રાજ્ય સરકારશ્રી દ્વારા ઇસ્યુ કરેલ વ્યક્તિગત સહી સાથેનુ ફોટો આઇડી | સંપત્તિ કર/નગરપાલીકા/મહાનગરપાલીકા ની રસિદ |

➢ **જે વ્યક્તિ/સંસ્થા/કંપની (એન) કોડ [(n) code] સોલ્યુશન સર્ટિફાઇંગ ઓથોરિટી પાસેથી ડીજીટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) મેળવવા ઇચ્છાતા હોય** તેઓ દ્વારા ઉપરના કોષ્ટકોમાં દર્શાવ્યા મુજબના જરૂરી ડોક્યુમેન્ટ્સ અને ઓળખ તથા રહેણાંકના પુરાવા રજુ કરી **DSC રજિસ્ટ્રેશન ફી** રૂ. ૪૭૦૦/- (એક વર્ષ માટે) અથવા રૂ.૫૯૫૦/- (બે વર્ષ માટે) ' (n) Code Solution A Division of GNFC Ltd ' ના નામે ચેક અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ (DD) રજુ કરવાનો રહેશે.